ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના નિવૃત ફિલ્ડ સુપરવાઇઝર ધીરુભાઈ શર્માની કરોડોની મિલકતો ટાંચમાં લેવાઈ

નડિયાદમાં આવેલા જલાશ્રય રિસોર્ટ સહિત 4.92 કરોડની સંપત્તિ જપ્ત કરાઈ

નડિયાદના રિસોર્ટ પર ઈડીની કાર્યવાહી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

અમદાવાદ ઝોનલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, આણંદના તત્કાલીન ફિલ્ડ સુપરવાઇઝર ધીરુભાઈ બાબુભાઈ શર્મા વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તપાસ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ 4.92 કરોડની સંપત્તિ કામચલાઉ ધોરણે ટાંચમાં લીધી છે. આ મિલકતોમાં નડિયાદમાં આવેલો જલાશ્રય રિસોર્ટ, ખેતીની જમીન, રહેણાંક મકાન અને કોમર્શિયલ દુકાનનો સમાવેશ થાય છે. હાલ નિવૃત જીવન જીવી રહેલા ધીરુભાઈ શર્મા વિરુદ્ધ આ કાર્યવાહી આણંદ એસીબી દ્વારા નોંધવામાં આવેલા અપ્રમાણસર મિલકતના કેસ અને તેના અહેવાલના આધારે કરવામાં આવી છે.

નડિયાદ કનેક્શન અને જલાશ્રય રિસોર્ટ મુખ્ય કેન્દ્રમાં છે. વર્ષ 2012 માં ધીરુભાઈ શર્માના પત્ની અને પુત્ર મયંક શર્મા દ્વારા સ્થાપિત આ રિસોર્ટનો સંપૂર્ણ વહીવટ મયંક શર્મા સંભાળતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આશરે બે વર્ષ પહેલા આ જલાશ્રય રિસોર્ટ પર એસીબી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા, જે તે સમયે ભારે ચર્ચાનો વિષય બન્યા હતા. એસીબીની તપાસમાં બહાર આવ્યું હતું કે શર્માએ 1.04.2006 થી 31.03.2018 ના સમયગાળા દરમિયાન પોતાની આવકના જાણીતા સ્ત્રોત કરતા 354.56 ટકા વધુ એટલે કે 8.04 કરોડની અપ્રમાણસર મિલકત વસાવી હતી. ઈડીની તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે ધીરુભાઈ શર્મા, તેમના પરિવારના સભ્યો અને તેમની કંપની મેસર્સ જલાશય રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા લેવામાં આવેલી લોનની ભરપાઈ કરવા માટે શંકાસ્પદ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. લોનની પરત ચુકવણી માટે બેંક ખાતાઓમાં મોટા પ્રમાણમાં રોકડ જમા કરવામાં આવતી હતી અને બાદ આ રકમ તાત્કાલિક કૃષ્ણા ફાઈનાન્સમાં લોન પેમેન્ટ તરીકે ટ્રાન્સફર કરી દેવામાં આવતી હતી. જલાશ્રય રિસોર્ટના વિકાસ માટે વર્ષ 2007 માં 5.40 લાખમાં ખરીદાયેલી 52 ગુંઠા જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ માટે શરૂઆતમાં 5.50 કરોડની સિક્યોર્ડ લોન લેવામાં આવી હતી, જે વર્ષ 2018 માં વધીને 7.85 કરોડ થઈ હતી. તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે 2015 થી 2020 ના ગાળામાં રિસોર્ટના કામકાજ માટે પરિવાર દ્વારા 1.19 કરોડની અનસિક્યોર્ડ લોન પણ મેળવવામાં આવી હતી. આ ઉપરાંત, શર્માએ પોતાના અને પરિવારના નામે લીધેલી વીમા પોલિસીઓના પ્રીમિયમ પણ રોકડમાં ભરીને મની લોન્ડરિંગનો આશરો લીધો હતો. હાલમાં આ મિલકતો જપ્ત કરીને તપાસ એજન્સી દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આણંદમાં ગંદકી અને પ્લાસ્ટિક મળતાં 1.23 લાખનો દંડ કરાયો

કરમસદ - આણંદ મનપા દ્વારા પાણીપુરી અને ખાદ્ય એકમોમાં આકસ્મિક તપાસ કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.8

કરમસદ - આણંદ મનપાના કમિશનરની સૂચના અને માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ પાણીપુરીના ગલ્લાઓ અને ખાદ્ય પદાર્થ વેચતા એકમો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન કરતા અને ગંદકી રાખતા 9 જેટલા એકમો પાસેથી વહીવટી ચાર્જ પેટે કુલ રૂ. 1.23 લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારી ડોક્ટર રાજેશ પટેલના જણાવ્યા મુજબ, તપાસ દરમિયાન અનેક એકમોમાં સ્વચ્છતાનો અભાવ, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ અને એક્સપાયરી ડેટ વાળી ચીજવસ્તુઓ મળી આવી હતી. જેમાં હરિઓમ કિરાણા સ્ટોર, શ્રી ભગવતી ભજીયા હાઉસ, જય અંબે પાણીપુરી, વિકાસ પાણીપુરી, દોસ્તાના પાણીપુરી અને મુન્ના પાણીપુરી તથા સદાશિવ બેકરીનો સમાવેશ થાય છે.

આ અંગે આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, ખાદ્ય પદાર્થ વેચતા તમામ એકમોએ ફરજિયાતપણે સ્વચ્છતા જાળવવી પડશે અને મનપા દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવું પડશે. જો નિયમોનો ભંગ થશે તો આગામી દિવસોમાં પણ આ ખાસ ઝુંબેશ ચાલુ રહેશે અને કાયદાની જોગવાઈ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઉમરેઠમાં ચોરીના ઈરાદે ફરતા ત્રણ રીઢા ગુનેગારો ઝડપાયા

ગોધરાના રીઢા તસ્કરો પાસેથી 17 ચાવી અને હથિયારો જપ્ત કરાયાં

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.8

ઉમરેઠ પોલીસ મથકના સ્ટાફે મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન શ્રીજી હોસ્પિટલ પાસેથી શંકાસ્પદ હાલતમાં ત્રણ ઇસમોને દબોચી લીધા હતા. આ શખ્સો પાસેથી વાહનોની 17 ચાવી અને ચોરીમાં વપરાતા સાધનો મળી આવ્યા હતા., પોલીસની સઘન પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આ ત્રણેય આરોપીઓ ગોધરા અને કાલોલ પોલીસ મથકના અનેક ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી નાસતા ફરતા હતાં.

ઉમરેઠ પોલીસનો સ્ટાફ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે શ્રીજી હોસ્પિટલ પાસે બાઈક લઈને આંટાફેરા મારતા ત્રણ શખ્સોની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. પોલીસે તેઓને રોકીને તલાશી લેતા તેમની પાસેથી અલગ-અલગ વાહનોની 17 ચાવી, લોખંડનું ટી આકારનું પાનું અને નટ-બોલ્ટ ખોલવા માટેના રીંગ પાના મળી આવ્યા હતા., આ શખ્સો કોઈ મોટી ચોરી કરવાની ફિરાકમાં હોવાનું જણાતા પોલીસે જી.પી. એક્ટ 122 (સી) મુજબ કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક પૂછપરછમાં જ આ ત્રણેય રીઢા તસ્કરો હોવાનુ ખુલતાં પોલીસે ધરપકડ કરી ચાવી, બાઈક, મોબાઈલ, ચોરી કરવાના ઓજાર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઝડપાયેલા આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ

- **આસીફ બસીર શેખ:** ગોધરા શહેર 'બી' પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો અને જાહેર મિલકતને નુકસાન પહોંચાડવાના ગંભીર ગુનામાં નાસતો ફરતો હતો.,
- **મુસ્તકીમ સલીમ ટપલા:** 19 વર્ષીય આ આરોપી ઉમરેઠ પોલીસ મથકના જ ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ હતો.
- **ઇરફાન ઉર્ફે બોરસદીયો અબ્દુલરહેમાન શેખ:** આ આરોપી કાલોલ અને ગોધરા તાલુકા પોલીસ મથકના ચોરી સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો છે.

પેટલાદ : સગીરા પર દૂષ્કર્મ નરાધમને 20 વર્ષની કેદ

સવા વર્ષ પહેલા સગીરાને વડોદરા લઇ જઇ તેના પર દૂષ્કર્મ ગુજાર્યું હતું

(પ્રતિનિધિ) પેટલાદ તા.8

પેટલાદના અગાસ ગામમાં રહેતા યુવકે સવા વર્ષ પહેલા એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેને ભગાડી જઇ દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે જે તે સમયે પોલીસે બે મિત્ર સામે ગુનો નોંધ્યો હતો. આ કેસમાં કોર્ટે ભગાડી જનારા યુવકને દોષિત ઠેરવી તેને 20 વર્ષની કેદનો હુકમ કર્યો હતો.

પેટલાદના અગાસ ગામમાં રહેતા ધ્રુવેશ ઉર્ફે ધવલ મહેશભાઈએ એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. આ સગીરાના ભોળપણનો લાભ લઇ ધ્રુવેશ ઉર્ફે ધવલે તેના મિત્રની મદદથી 8મી ઓક્ટોબર, 2024ના રોજ રીક્ષામાં સગીરાને ભગાડી ગયો હતો. બાદમાં તેને વડોદરા મકાનમાં રાખી હત. જ્યાં તેણે સગીરા પાસેથી નાકની સોનાની જડ વેચી હતી. આ ઉપરાંત વારંવાર દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે ધ્રુવેશ ઉર્ફે ધવલ મહેશભાઇ અને કમલેશ ગોહેલ સામે ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી જરૂરી પુરાવા એકત્ર કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.

આ કેસ પેટલાદની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ જે. એચ. રાઠોડની દલીલ અને 13 સાક્ષી, 38 દસ્તાવેજી પુરાવાને ધ્યાને રાખી ન્યાયધિશે ધ્રુવેશ ઉર્ફે ધવલને વિવિધ કલમ હેઠળ દોષિત જાહેર કર્યો હતો અને તેને 20 વર્ષની કેદ અને દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત ભોગ બનનારને રૂ. 50 હજાર વળતર તરીકે ચુકવવા પણ હુકમ કર્યો હતો.

બોરસદમાં ખાણીપીણીની લારી પર તવાઈ

(પ્રતિનિધિ) બોરસદ, તા.8

બોરસદમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા બોરસદ ચોકડીથી બસ સ્ટેશન રોડ સુધીની 17 જેટલી ખાણીપીણીની લારીઓ અને પાણીપુરીના વેન્ડર્સ પર આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન સ્વચ્છતાના અભાવે 10 લિટર બિન-આરોગ્યપ્રદ ચટણી અને 4 પેકેટ વાસી પાઉંના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા ખાદ્યપદાર્થોની શુદ્ધતા ચકાસવા માટે 5 નમૂના લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલાયા છે અને વિક્રેતાઓને સેનિટેશન તેમજ હાઈજીન જાળવવા માર્ગદર્શન અપાયું છે. આ તમામ વેન્ડર્સને ફરજિયાત એપ્રોન, કેપ અને ગ્લોવઝ પહેરવા તથા ધંધાના સ્થળે નિયમિત સફાઈ રાખવા માટે કડક સૂચનાઓ આપી તાકીદ કરવામાં આવી છે.

13 કિલો અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરાયો

વિદ્યાનગરમાં ખાણીપીણીના 16 સ્થળોએ તપાસ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ જિલ્લાના નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા જાળવવાના ઉદ્દેશ્યથી જિલ્લા ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાણીપીણીની લારીઓ અને સ્ટ્રીટ ફૂડ વેન્ડરોને ત્યાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ અભિયાન અંતર્ગત ખાસ કરીને શહેરના રાત્રી બજાર અને જનતા ચોકડી વિસ્તારમાં આવેલી સ્ટ્રીટ ફૂડ તથા પાણીપુરીની લારીઓ પર આકસ્મિક ચેકિંગ કરવામાં આવ્યું હતું.

આણંદ જિલ્લાના ફૂડ વિભાગની ટીમ દ્વારા રાત્રી બજાર અને જનતા ચોકડી ખાતે કુલ 16 જેટલા સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા ખાદ્યપદાર્થોના કુલ 5 નમૂના લઈ લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. વધુમાં, સ્થળ પર તપાસ દરમિયાન મળી આવેલા અંદાજે 13 કિલો જેટલા બિન-આરોગ્યપ્રદ ખાદ્યચીજોના જથ્થાનો ફૂડ સેફ્ટી વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન ફૂડ બિઝનેસ ઓપરેટર્સને ખોરાકની ગુણવત્તા જાળવવા તેમજ સેનીટેશન અને હાઈજીન (સ્વચ્છતા)ના ચુસ્ત પાલન માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિક્રેતાઓને ફરજિયાતપણે એપ્રોન, કેપ અને ગ્લોવઝ પહેરવા તેમજ લારીની આસપાસ નિયમિત સાફ-સફાઈ રાખવા માટે કડક સૂચના આપવામાં આવી હતી.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ખંભાત જનરલ હોસ્પિટલ ખાતે ભવ્ય 'સર્વરોગ નિદાન અને સર્જીકલ કેમ્પ' યોજાયો

ખંભાત | ખંભાતની ધી કેમ્બે મેડિકલ રિલીફ સોસાયટી સંચાલિત જનરલ હોસ્પિટલ ખાતે સ્વ. હૃદયવિણાબેન નવીનચંદ્ર કાપડિયાના સહયોગથી 7 દિવસીય નિ:શુલ્ક નિદાન અને સર્જીકલ કેમ્પનું સફળ આયોજન થયું હતું. આ કેમ્પ દરમિયાન મેડિકલ, ઓર્થોપેડિક, સર્જીકલ અને આંખના વિભાગ સહિત વિવિધ ઓ.પી.ડી.માં કુલ 2260 જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. આ હોસ્પિટલ દ્વારા લેબોરેટરી ટેસ્ટ, એક્સ-રે અને સોનોગ્રાફી જેવી સુવિધાઓ હેઠળ કુલ 11,482 જેટલા રિપોર્ટ્સ અને પ્રોસિજર વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતાં. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા માટે હોસ્પિટલના ડોક્ટરો અને સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

માતરમાં અમૂલના ચેરમેન અને ભાજપ પ્રદેશ મહામંત્રીનો સન્માન સમારંભ યોજાયો

માતર | માતર એપીએમસી ખાતે અમૂલ ડિરેક્ટર ભગવતસિંહ પરમાર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સાંસદ દેવુસિંહ ચૌહાણ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નવનિયુક્ત ચેરમેન શાભેસિંહ પરમાર, વાઇસ ચેરમેન વિજય પટેલ અને ડિરેક્ટર ગૌતમભાઈ ચૌહાણનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માતર તાલુકાના ભાજપ કાર્યકરો અને દૂધ મંડળીના સભ્યો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

વીરપુરના ખેરોલીની નૂતન હાઇસ્કુલમાં જિલ્લા કક્ષાનો રમતગમત મહોત્સવ યોજાયો

વીરપુર | વીરપુર તાલુકાના ખેરોલીમાં ભારત સરકારના 'મેરા યુવા ભારત' અંતર્ગત જિલ્લા સ્તરીય સ્પોર્ટ્સ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ તાલુકાના 120થી વધુ યુવાઓએ ભાગ લીધો હતો. આ આયોજનમાં ભાઈઓ માટે કબડ્ડી, ગોળાફેક અને બહેનો માટે ખો-ખો, દોડ તેમજ લાંબી કૂદ જેવી સ્પર્ધાઓ દ્વારા યુવા કૌશલ્યને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. વિજેતા ટીમોને ટ્રોફી અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં મંડળ પ્રમુખ રણછોડ પટેલ અને જિલ્લા યુવા અધિકારી ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમ શાળાના શિક્ષકગણ અને સ્ટાફની ભારે જહેમતથી સફળ થયો હતો અને તમામ સહભાગીઓને અધિકારી દ્વારા અભિનંદન અને ધન્યવાદ પાઠવવામાં આવ્યાં હતાં.

સ્માર્ટગેટવેમાં સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી ડિજિટલ રૂપીનું સફળ એકીકરણ કરવાની જાહેરાત

વડોદરા | HDFC બેંકે તેના ઓનલાઇન મર્ચન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ SmartGatewayમાં RBIની સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી 'ડિજિટલ રૂપી'ના એકીકરણની જાહેરાત કરી છે. આ નવી સુવિધા દ્વારા મર્ચન્ટ્સ હવે કોઈપણ વધારાના ટ્રાન્ઝેક્શન ખર્ચ વગર ગ્રાહકો પાસેથી સુરક્ષિત, ઝડપી અને સોવરેન-બેક્ડ ડિજિટલ ચૂકવણી સ્વીકારી શકશે. બેંક હાલમાં આશરે 8.45 લાખ નોંધાયેલા CBDC વોલેટ્સને સેવા આપી રહી છે, જેમાં દર મહિને સરેરાશ 13 હજારથી 15 હજાર નવા વોલેટ્સનો ઉમેરો થાય છે. આ પહેલ ભારતના કેશ-લાઇટ ડિજિટલ અર્થતંત્રને વેગ આપશે અને ગ્રાહકોને UPI જેવી જ સુગમતા સાથે RBI દ્વારા સમર્થિત વિશ્વાસ અને મફત વ્યવહારની સુવિધા આપશે.

કપડવંજ શહેરના સ્પંદન બાલમંદિરના બાળકોએ રંગપૂરણી સ્પર્ધામાં મેદાન માર્યું

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સ્પંદન બાલમંદિરમાં ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત રંગપૂરણી સ્પર્ધામાં સિનિયર કે.જી.ના 80 બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પરમાર પ્રત્યક્ષે પ્રથમ અને પટેલ હનાયાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરતા તેમને મેડલ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં સામેલ તમામ બાળકોને પણ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકોની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉજવણી કરવામાં આવી હતી.

કપડવંજ એસટી ડેપો ખાતે માર્ગ સલામતી માસ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કપડવંજ | કપડવંજ એસટી ડેપો ખાતે માર્ગ સલામતી માસ નિમિત્તે ઓપન હાઉસ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેપો મેનેજર એન.એમ. કલ્યાણી અને યુનિયનના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ટાઉન પોલીસના પીએસઆઈ આર.વી. આહીર અને તેમની ટીમે ડ્રાઈવર તથા કંડક્ટર મિત્રોને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં અકસ્માત અટકાવવા માટે હેલ્મેટ અને સીટ બેલ્ટનો ઉપયોગ કરવા તેમજ ફરજ દરમિયાન માર્ગ સલામતી જાળવવા માટે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ટ્રાફિક નિયમોની સાથે કર્મચારીઓને વર્તમાન સમયમાં વધતા જતા સાયબર ક્રાઈમથી કઈ રીતે બચવું, તે અંગે પણ પોલીસ અધિકારીઓ દ્વારા ઉપયોગી સૂચનો આપવામાં આવ્યા હતા.

ખેડામાં ઉતરાયણ પૂર્વે સુરક્ષા અભિયાન, 300થી વધુ વાહનો પર સેફ્ટી ગાર્ડ લગાવાયા

ખેડા | ખેડા ટાઉન પોલીસ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ઉતરાયણના તહેવારમાં અકસ્માતો નિવારવાના હેતુથી સંયુક્ત ઉપક્રમે એક વિશેષ સુરક્ષા કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાન હેઠળ ખેડા ચોકડી પાસે 300થી વધુ ટુ વ્હીલર ચાલકોને વાહનો પર સેફ્ટી ગાર્ડ લગાવી આપી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પીએસઆઇ એન.જે. પંચાલ અને રેડક્રોસના ડો. ધર્મિગ મંડોરાની ટીમે હાજર રહી વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત કરી આ કાર્યને સફળ બનાવ્યો હતો. પતંગની ઘાતક દોરીથી થતી સંભવિત દુર્ઘટનાઓ રોકવા માટે પોલીસ અને રેડક્રોસ દ્વારા કરવામાં આવેલી આ સરાહનીય કામગીરી ચર્ચાનું કેન્દ્ર બની છે.

વાર્વી ગ્લોબલ લિમિટેડે નોન-ડેનિમ ફેબ્રિક્સની ઉત્પાદન ક્ષમતામાં વધારો કર્યો

વડોદરા | વડોદરા સ્થિત વાર્વી ગ્લોબલ લિમિટેડે નોન-ડેનિમ શર્ટિંગ અને સુટિંગ ફેબ્રિક્સની ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવાની જાહેરાત કરી છે. કંપનીએ પ્રતિમાસ 6 લાખ મીટરની ક્ષમતા વધારતા, કુલ ઉત્પાદન ક્ષમતા 12 લાખથી વધીને હવે 18 લાખ મીટર થઈ છે. નવી મેનેજમેન્ટ રણનીતિ હેઠળ હવે ડેનિમ સિવાયના વૈવિધ્યસભર ટેક્સટાઇલ ઉત્પાદનો પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. કંપનીનું આગામી લક્ષ્ય આ નોન-ડેનિમ સેગમેન્ટમાં પ્રતિમાસ 50 લાખ મીટરની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાનું છે. આ સિદ્ધિ સુધારેલી મશીનરી અને અસરકારક ઉત્પાદન પ્રક્રિયાઓ દ્વારા ગુણવત્તાના ધોરણો જાળવીને પ્રાપ્ત કરવામાં આવી છે. MD જયમિન કૈલાશ ગુપ્તાના મતે, આ વિસ્તરણથી ગ્રાહકોની વધતી માંગ સંતોષાશે અને બજારમાં સ્થાન મજબૂત થશે. આ ક્ષમતાવર્ધન દ્વારા વાર્વી ગ્લોબલ લિમિટેડ હવે વ્યવસાયિક તકો મેળવવા માટે સજ્જ બની છે.

બીઓઆઈ અને નગર રાજભાષા સમિતિ દ્વારા આંતર બેંક ગીત ગાયન સ્પર્ધા યોજાઇ

વડોદરા | બેન્ક ઓફ ઇન્ડિયા વડોદરા ઝોનલ ઓફિસ અને નગર રાજભાષા સમિતિના સંયુક્ત ઉપક્રમે ઝોનલ મેનેજર હનવંત કુમાર ઠાકુરની અધ્યક્ષતામાં આ સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે સંજયસિંહ અને પ્રમોદ બર્મન ઉપસ્થિત રહ્યા હતા, જેમાં વડોદરા શહેરની તમામ બેંકોના સ્ટાફ સભ્યોએ ભાગ લીધો હતો. પ્રખ્યાત ગાયકો મનોજ કુમાર અને શીતલજીએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન કિશોર સોનારે કર્યું હતું,. ડેપ્યુટી ઝોનલ મેનેજર નદીમ રિયાઝ અંસારી દ્વારા આભારવિધિ વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

સાપુતારામાં ૧૦ જાન્યુઆરીએ પર્યટન પર્વનો પ્રારંભ..

સાપુતારા: ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર પ્રેરીત કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત જિલ્લા વહીવટીતંત્ર, ડાંગના સહયોગથી પર્યટન પર્વ ૨૦૨૫-૨૬ સાપુતારા ખાતે તારીખ ૧૦ જાન્યુઆરના રોજ સાંજે ૬ કલાકે પી.એચ.સી.પાર્કિંગ સાપુતારા સર્કલ પાસે રાજ્ય કક્ષાના મંત્રી, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ અને નાગરિક ઉડ્ડયન અને ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી ડો. જયરામભાઈ ગાવિતના હસ્તે સાપુતારા પર્યટન પર્વ ૨૦૨૫-૨૬ ને ખુલ્લો મુકવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે લોકસભા દંડક વ સાંસદ સભ્ય ધવલભાઇ પટેલ, ગુજરાત વિધાનસભા નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઇ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇન, તેમજ અતિથિ વિશેષ તરીકે ડાંગ જિલ્લા કલેક્ટર શાલિની દુહાન, જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા, પોલીસ અધિક્ષક પૂજા યાદવ સહિતના અધિકારીઓ/પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં અઘોરી મ્યુઝિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો સંગમ જોવા મળશે.

આંકલાવના ગંભીરામાં 34 લાખના ખર્ચે નવીન ગ્રામ પંચાયત ભવનનું ભૂમિપૂજન

આંકલાવ | આંકલાવ તાલુકાના ગંભીરા ગામે 34 લાખની મંજૂરી મળતા નવીન ગ્રામ પંચાયત કચેરીનું ધારાસભ્ય અને ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાના હસ્તે વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. આ નવું ભવન ગ્રામજનોની સુખાકારી અને વહીવટી સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે તૈયાર કરવામાં આવશે. આ આધુનિક કચેરી આવનારા સમયમાં ગામના વિકાસલક્ષી કાર્યો અને સરકારી વહીવટને નવી ગતિ પ્રદાન કરશે. સ્થાનિક સ્તરે ગ્રામ પંચાયતની આ નવી સુવિધાથી ગ્રામજનોના રોજિંદા કાર્યો વધુ સરળ અને ઝડપી બનશે.